## યુકેમાં બનાવટી મેરેજ અને છૂટાછેડાના કૌભાંડની તપાસ

**આંતરરાષ્ટ્રીય** લિંક્સ સાથે વ્યાપક તપાસની શરૂઆત

ભરૂચઃ પાલેજ પોલીસ અરજીથી શરૂ થયેલી તપાસમાં બનાવટી લગ્ન અને છૂટાછેડાના દસ્તાવેજો સાથે સંકળાયેલા એક કથિત ક્રોસ બોર્ડર રેકેટનો પર્દાફાશ થયો છે. યુકેની મુસાફરીને સરળ બનાવવા માટે ખોટા કાગળોનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવતો હતો તે અંગે પ્રશ્નો ઊભા થાય છે.

ભરૂચ જિલ્લામાં પાલેજ પોલીસને સુપરત કરાયેલી અરજીની ચકાસણી દરમિયાન આ કથિત રેકેટ બહાર આવ્યું છે. તપાસકર્તા અધિકારીએ કહેવું છે કે લગ્ન અને છૂટાછેડાના રેકોર્ડમાં અનિયમિતતાઓને કારણે વધુ તપાસ કરવામાં આવી હતી,

અનેક આરોપીઓની ઓળખ કરી છે, જેમાંથી કેટલાક હાલમાં યુકે અને કેનેડા સહિત વિદેશમાં રહે છે. પોલીસના જણાવ્યા અનુસાર આ વ્યક્તિઓની વિગતો બ્રિટિશ હાઈ કમિશન અને સંબંધિત દૂતાવાસ સાથે વિગતો પહોચાડશે. એક વકીલ સાજિદ કોઠિયાનું નામ પણ જાહેર કર્યું છે, જે મૂળ કંથારિયા ગામના છે અને હવે કેનેડામાં રહે છે. પોલીસે આરોપ લગાવ્યો છે કે કોઠિયાએ ભરૂચ કોર્ટ દ્વારા જારી કરાયેલો બનાવટી છૂટાછેડાનો ઓર્ડર તૈયાર કર્યા હતા. વકીલ સહિત ચાર આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. પાલેજ પોલીસના PI એ.એ.ચૌધરીએ જણાવ્યું હતું કે ચારેય આરોપીઓ હાલ તો વિદેશમાં રહે છે પણ તેના મજબૂત પુરાવા માટે સંબંધિત સાહેદો પાસે તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કેટલાક આરોપીઓ વિદેશમાં હોવાનું માનવામાં આવી રહ્યું હોવાથી પોલીસ વિભાગે આંતરરાષ્ટ્રીય અધિકારીઓ સાથે સંકલન કરવાનું શરૂ કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીઓને શોધવા અને કેસના સંભવિત સરહદ પારની સ્થિતિ જાણવા મદદ કરવા માટે વિદેશી કમિશન સાથે માહિતી મોકલવામાં આવી છે.

# માધવાનંદજીનો પાસપોર્ટ મળ્યો 1977માં USA ગયાની એન્ટ્રી

**રાજપીપળા** નજીક ધર્મેશ્વર મંદિરથી પકડાયેલાં વન્ય પ્રાણીઓનાં ચામડાં અને નખની તપાસમાં વન વિભાગ સાથે IB પણ જોડાશે

રાજપીપળાઃ શહેર નજીક આવેલ સુપ્રસિદ્ધ ૪૫૦ વર્ષ પૌરાણિક ધર્મેશ્વર મહાદેવ મંદિર હાલ વિવાદોના ઘેરામાં આવ્યું છે. મંદિરના જૂના મકાનમાંથી વન્યજીવોના ૪૦ જેટલાં ચામડાં અને ૧૩૩ નખ મળી આવવાના ગંભીર મામલે હવે વન વિભાગની સાથે ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) પણ તપાસમાં જોડાઈ છે. વન વિભાગે જપ્ત કરેલા અવશેષોને FSLમાં મોકલી આપ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ સ્પષ્ટ થશે કે આ નખ અને ચામડાં વાઘના છે કે અન્ય કોઈ વન્ય પ્રાણીના.

### ટ્રસ્ટીઓ સાથે વિખવાદ અને આંતરરાજ્ય તપાસની શક્યતા

મંદિરના જૂના ટ્રસ્ટીઓ સાથે માધવાનંદજીના સંબંધો વણસેલા હતા અને તેઓ કોઈને વહીવટમાં દખલ કરવા દેતા ન હતા. ગત ૭ જુલાઈ-૨૦૨૫ના રોજ ૯૧ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું અને હાલ ત્યાં સમાધિ નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે. વન વિભાગ અને IB હવે માધવાનંદજીના અનુયાયીઓની પૂછપરછ કરી રહી છે. આશંકા સેવાઈ રહી છે કે આ ચામડાં અને નખ મધ્યપ્રદેશથી લાવવામાં આવ્યા હોઈ શકે છે, જેથી તપાસનો રેલો પડોશી રાજ્ય સુધી પણ પહોંચી શકે છે. આ મામલે ટૂંક સમયમાં જવાબદારો સામે FIR નોંધાય તેવી પૂરી શક્યતા છે.

આશરે ૪૦ વર્ષ પૂર્વે અમદાવાદના ગીતા મંદિરથી ધર્મેશ્વર મંદિર આવેલા દિવંગત પૂજારી માધવાનંદ સ્વામીનો ઈતિહાસ પણ તપાસના ઘેરામાં છે. સૂત્રો મુજબ, તેઓ કોઈ પણ અખાડા કે સાધુ મંડળ સાથે જોડાયેલા ન હતા અને એકહથ્થુ વહીવટ ચલાવતા હતા. તપાસમાં તેમનો ૧૯૭૭નો પાસપોર્ટ મળી આવ્યો છે, જેમાં તેઓ અમેરિકા (USA) ગયા હોવાની એન્ટ્રી છે. આથી, વિદેશમાં તેઓ કોના સંપર્કમાં હતા અને આટલા મોટા પ્રમાણમાં વન્યજીવોનાં અવશેષો ક્યાંથી આવ્યાં, તે દિશામાં પણ તપાસ તેજ કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચની કે.જે. પોલિટેકનિકમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાશે



ભરૂચઃ ભરૂચની શૈક્ષણિક ઓળખ બની રહેલી કે.જે. પોલિટેકનિક કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે એક ગેટ-ટુ-ગેધરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પોલિટેકનિક કોલેજના એલ્યુમની એસોસિએશન દ્વારા આયોજિત આ કાર્યક્રમ સ્વામી વિવેકાનંદ જયંતિના પાવન અવસરે આગામી જાન્યુઆરી મહિનામાં કોલેજના કેમ્પસ ખાતે યોજાનાર છે, જેમાં સાંજે ચાર કલાકે કાર્યક્રમની શરૂઆત થશે. એલ્યુમની એસોસિએશનના પ્રમુખ તથા ગુજરાત સરકારના માજી કેબિનેટ મંત્રી ખુમાનસિંહ વાંસિયાની આગેવાની અને માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજનને સુવ્યવસ્થિત રીતે આગળ વધારવામાં આવી રહ્યું છે. અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય રમેશ મિસ્ત્રી ઉપસ્થિત રહેશે, જ્યારે કોલેજના પૂર્વ પ્રાધ્યાપક જે.ડી. પંચાલ પણ ખાસ હાજરી આપશે. ઉપરાંત વિવેકાનંદ જયંતિના અવસરે વિશેષ પ્રવચન માટે માજી ઉપ કુલપતિ અશ્વિન કાપડિયા ઉપસ્થિત રહી પોતાના વિચારો રજૂ કરશે.

### ઓલપાડ ટીચર ક્રેડિટ સોસાયટીનો શતાબ્દી મહોત્સવ ઉજવાયો



જયેશ પટેલ

સાયણઃ ઓલપાડ તા. પ્રાથમિક ટીચર ક્રેડિટ કો.ઓ. સોસાયટીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થતા પૂર્વમંત્રી અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને શતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે સંસ્થાના વિકાસમાં યોગદાન આપનાર હોદ્દેદારોનું સન્માન કરાયું હતું. ૨૧ વર્ષથી પ્રમુખ પદે સેવા આપતા કિરીટભાઈ પટેલે જણાવ્યું કે, ૧૯૨૫માં સ્થપાયેલી આ મંડળી આજે ૬૧૦ સભાસદો અને રૂા. ૧૬ કરોડના વાર્ષિક ટર્નઓવર સાથે વટવૃક્ષ બની છે. મંડળી સભાસદના અકસ્માત મૃત્યુ પર રૂા. ૧૦ લાખ સુધીની સહાય આપી માનવતા મહેકાવી રહી છે. મુકેશભાઈ પટેલે સંસ્થા સાથેના પિતાજીનાં સંસ્મરણો વાગોળી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે મનહર પટેલ, દિગ્વિજયસિંહ જાડેજા અને ડો.અરુણ અગ્રવાલે પ્રાસંગિક પ્રવચન કરી મંડળીને બિરદાવી હતી. ૧૦૦ વર્ષની આ યાત્રા શિક્ષકોની એકતા અને સમૃદ્ધિનું પ્રતીક બની રહી છે.

### આજે માંડવી નાગરિક સહકારી બેંકની ચૂંટણી

માંડવીઃ માંડવી નાગરિક સહકારી બેંકની સામાન્ય ચૂંટણી આજે તા.11 જાન્યુઆરી, રવિવારના રોજ યોજાનાર છે. આ ચૂંટણીમાં ડિરેક્ટરની સામાન્ય 15 બેઠક માટે કુલ 18 ફોર્મ ભરાયાં છે, જ્યારે એસી/એસટીની એક બેઠક માટે બે ઉમેદવારો દ્વારા ફોર્મ ભરાતાં જંગી સ્પર્ધા જોવા મળી રહી છે. આ ચૂંટણીમાં મતદાન સવારે 8 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી કરી શકાશે. મતદાન મથકો તરીકે માંડવી હાઈસ્કૂલ, માંડવી વી.એફ. હાઈસ્કૂલ તથા અરેઠ ખાતે જાગૃતિ ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં મતદાન પ્રક્રિયા હાથ ધરાશે. ચૂંટણી અધિકારી આશુતોષ ઉપાધ્યાયની દેખરેખ હેઠળ ચૂંટણી યોજાશે તથા બેંકના કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં સેવા આપશે. મતગણતરી તા.12 જાન્યુઆરી, સોમવારે યોજાનાર છે. વિજેતા ઉમેદવારોમાંથી ચેરમેન, વાઇસ ચેરમેન તથા એમડીની સત્તા કોને સોંપાશે તેના પર સૌની નજર મંડાઈ રહી છે.

### ભરૂચની દયાદરા હાઇસ્કૂલના શિક્ષકનું સંશોધન પત્ર રાજ્ય કક્ષાએ પસંદ



ભરૂચઃ DIET, નવસારી દ્વારા આયોજિત દક્ષિણ ઝોન કક્ષાની 'રિસર્ચ પેપર કોન્ફરન્સ'માં દયાદરા હાઈસ્કૂલના ડો.ઈમ્તીયાઝભાઈ ઘાંચીનું સંશોધન પત્ર રાજ્ય કક્ષા માટે પસંદ થયું છે. તેમણે 'અંગ્રેજી કાવ્ય શિક્ષણમાં AI ટૂલ્સની અસરકારકતા' વિષય પર પ્રસ્તુતિ કરી હતી. વિદ્યાર્થી કેન્દ્રી શિક્ષણ પર આધારિત આ સંશોધન હવે રાજ્ય કક્ષાની કોન્ફરન્સમાં ભરૂચનું પ્રતિનિધિત્વ કરશે.

### નળધરા ગામમાં દીપડો રોડ ક્રોસ કરતો દેખાયો


મેહુલ પટેલ

અનાવલઃ મહુવામાં તાજેતરમાં નળધરા ગામના વાણીયાવાડ ફળિયામાં સાંજના સમયે એક કદાવર દીપડો બિનધાસ્ત રોડ ક્રોસ કરતો નજરે પડતાં સ્થાનિકોના જીવ તાળવે ચોંટ્યા હતા. ગત સાંજે આશરે ૭ વાગ્યાના સુમારે લોકોની અવરજવર ચાલુ હતી, તે દરમિયાન રહેણાંક વિસ્તારમાં દીપડો દેખાયો હતો. ત્યાંથી પસાર થતા એક વાહનચાલકે દીપડાને રસ્તો ઓળંગતો જોઈ પોતાના મોબાઈલ કેમેરામાં આ દૃશ્યો કેદ કરી લીધા હતા. આ વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં આસપાસના વિસ્તારોમાં પણ ગભરાટ ફેલાઈ ગયો છે.

# મોંઘીદાટ મ્યુઝિક સિસ્ટમ વેચવા જતાં એમ.ડી. ડોક્ટર છેતરાયા

**ભરૂચની** ઘટના, ગઠિયો રૂ.12.75 લાખનો સામાન લઈ રફુચક્કર

ભરૂચઃ ભરૂચ શહેરની પટેલ વેલફેર હોસ્પિટલમાં ફરજ બજાવતા જાણીતા એમ.ડી. ફિઝિશિયન ડો.રિયાઝ મોહમ્મદ પાચભાયા સાથે એક ભેજાબાજ ઠગે વિશ્વાસ કેળવી 12.75 લાખની કિંમતી ઓડિયો સિસ્ટમ્સની ઓનલાઈન છેતરપિંડી આચરી હતી.

ડો.રિયાઝ મ્યુઝિકના શોખીન હોવાથી તેમની પાસે અંદાજે 30થી 35 લાખના કીમતી ઓડિયો ડિવાઈસીસ હતાં. 24, એપ્રિલ-2025માં તેમણે બિનજરૂરી એવાં 26 ગેઝેટ્સ જેમાં 13 હેડફોન, 6 ઈયર બર્ડસ, એમ્પ્લીફાયર વગેરે સામેલ હતાં એ વેચવા માટે સોશિયલ મીડિયા પર જાહેરાત આપી હતી.

આ જાહેરાત જોઈને 'ચૈતન્ય' નામના એક ગઠિયાએ ડોક્ટરનો સંપર્ક કર્યો હતો. ઠગે ડોક્ટરના ઘરે આવીને એટલો વિશ્વાસ કેળવ્યો કે તેની 62 કરોડની જમીન વેચાઈ છે અને સુરતના ફાર્મ હાઉસ માટે આ સિસ્ટમ જોઈએ છે.

12.75 લાખમાં સોદો નક્કી થયા બાદ, ગઠિયાએ તાત્કાલિક માલ મોકલવા દબાણ કર્યું હતું. ડોક્ટરે વિશ્વાસ રાખીને પોતાના ડ્રાઈવર સરફરાજ સાથે ક્રેટા ગાડીમાં તમામ સામાન સુરતના નાના વરાછા ખાતે મોકલ્યો હતો. ત્યાં પહોંચતા જ આરોપીએ ચાલાકીથી તમામ સામાન લઈ લીધો હતો, પરંતુ જ્યારે ડ્રાઈવરે રૂપિયા માંગ્યા ત્યારે તેને પેમેન્ટ લેવા માટે મોટા વરાછાના બીજા લોકેશન પર મોકલી દીધો હતો. ડ્રાઈવર ત્યાં પહોંચ્યો ત્યારે આરોપી ગાયબ હતો અને તેનો ફોન પણ સ્વિચ ઓફ થઈ ગયો હતો. પોતાની રીતે તપાસ કર્યા બાદ પત્તો ન મળતાં આખરે ડોક્ટરે ભરૂચ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે મોબાઈલ નંબર 8490824468 અને સીસીટીવી ફૂટેજના આધારે આ હાઈટેક ઠગને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીના ઉશ્કેર તોગપુરમાં દીપડો પાંજરે પુરાતાં લોકોને રાહત


હિતેશ પટેલ

માંડવીઃ માંડવી-કીમ રોડ પર આવેલા અરેઠના તોગપુર ગામે કદાવર દીપડાના આતંકના કારણે લોકો માટે ખેતરે જવું અને રાત્રે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું. અનેક વખત દીપડો રહેણાક વિસ્તારમાં આવી કૂતરાં અને મરઘાંનો શિકાર કરતો હોવાના બનાવો સામે આવ્યા હતા, જેના કારણે લોકો ભયભીત બન્યા હતા. થોડા દિવસ પહેલાં દીપડાની સતત અવરજવરથી ગામના સરપંચ અને ગ્રામજનોએ વન વિભાગને જાણ કરતાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. કોલોની વિસ્તારમાં મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. ગત મોડી રાત્રે શિકારની શોધમાં આવેલો કદાવર દીપડો પાંજરામાં પુરાતાં લોકોમાં રાહત ફેલાઈ હતી. વન વિભાગના કર્મચારીઓ સ્થળ પર પહોંચી દીપડાનો કબજો લઈ તેને જંગલ વિસ્તારમાં છોડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

### છાપરા પાટિયા નજીક મગરનું બચ્ચું દેખાયું


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરના છાપરા પાટિયાથી ભૂત મામાની ડેરી નજીક ખાડામાં મગરનું પાંચથી છ ફૂટ લાંબું બચ્ચું જોવા મળ્યું હતું. મગર દેખાતા વાહનચાલકો અને રાહદારીઓ જોવા માટે ઊભા રહી ગયા હતા.

# 'SOU સિક્સ લેન માટે જમીન નહીં'

**ભચારવાડામાં** ગ્રામસભા મળી, ખેડૂતોનો જમીન આપવા નન્નો

રાજપીપળાઃ અંકલેશ્વરથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા હાલના માર્ગને સિક્સ લેન બનાવવા તથા નવા બાયપાસ રોડ માટે હાથ ધરાનારી જમીન સંપાદનની પ્રક્રિયાનો સ્થાનિક ખેડૂતોએ ભારે વિરોધ કર્યો છે. નર્મદા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને ભચરવાડા ગામમાં યોજાયેલી ગ્રામસભામાં ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ વિકાસના નામે પોતાની એક ઈંચ જમીન પણ આપવા તૈયાર નથી.

ગ્રામસભામાં લેવાયો મક્કમ નિર્ણય પ્રાપ્ત વિગતો મુજબ અંકલેશ્વર-રાજપીપળા સિક્સ લેન કોરિડોર માટે ભચરવાડા અને આસપાસનાં ગામોના આશરે 93 સરવે નંબરની જમીન સંપાદિત કરવાનું આયોજન છે. આ સંદર્ભે યોજાયેલી ગ્રામસભામાં ભચરવાડા, હજરપરા અને કુંવરપરા ગામના ખેડૂતો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. ખેડૂતોએ એકસૂરે જણાવ્યું હતું કે, ગત મહિને મળેલી સભામાં પણ જમીન ન આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો, અને આજે બીજીવાર આ પ્રોજેક્ટનો વિરોધ કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

વળતર મુદ્દે ખેડૂતોની નારાજગી ખેડૂતોનો આરોપ છે કે, અગાઉ પણ વિકાસના નામે તેમની જમીનો લેવામાં આવી છે, પરંતુ હજુ સુધી યોગ્ય ન્યાય કે વળતર મળ્યું નથી. ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં કલેક્ટર સમક્ષ પોતાનો વિરોધ નોંધાવતા કહ્યું કે, અમને આ સિક્સ લેન રસ્તાની કોઈ જરૂર નથી. આ આક્રમક વલણને પગલે જમીન સંપાદનની કામગીરી સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભાં થયાં છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટરો,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**કબુતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**જમીન પુરાણ માટેનો** મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**લાઈફ હિંચકાના કડાં** અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

**ડિસપ્યુટ વાળી** સરકાર મા જમા જમીન/ પ્લોટ ના ટાટયલ ક્લિયર માટે મળો. 9978936367

**હાર્ડવેર, સેનેટરી** ઈન્ડસ્ટ્રીયલ, પ્લાયવુડની ચાલુ દુકાન આપવાની હોય તો, અને ડેડ સ્ટોક આપવા માટે સંપર્ક કરો Mob: 7568773647

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**પાપડ અચાર** સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે Free Home dilevery Mo. 9099645605 Surat. Ranitalaw (748)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**(સાગર- 9427113317)** દ્વારકા, સોમનાથ, સારંગપુર, 24-જાન્યુઆરી, ઉજ્જૈન ઓમકારેશ્વર, મંમલેશ્વર

**(23/ જાન્યુઆરી** રાજસ્થાન) (કરછ સફેદ રણ) (ખાટુશ્યામ જયપુર) (દરરોજ મહામાઘ મેળો પ્રયાગરાજ) 9825967888

**ઓમશિવ ટ્રાવેર્લ્સ** 12 જાન્યુઆરી ( દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) 16 જાન્યુઆરી, ખાટુંશ્યામ, સાંવરીયાશેઠ, સાલાસર બાલાજી, શ્રીનાથજી, પુષ્કર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**અયોધ્યા/ વારાણસી** / પ્રયાગરાજ. ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ સાથે. સુપર ડિલક્ષ હોટલ/ બ્રેકફાસ્ટ/ ડીનરનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉપડવા તારીખ 5 એપ્રિલ, દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (9429507723) જોય એન જોય ટ્રાવેલ્સ. સુરત

**મિલ્કત ભાડે -વેચાણ**

**વેચવાની છે/** ભાડે આપવાની છે સુરતના અડાજણમાં પ્રાઈમ લોકેશન, એલ.પી.સવાણી રોડ પર, સ્ટારબજારની પાછળ, ક્રોમાની ઉપર ''પ્રોટોન પ્લસ'' બિલ્ડીંગમાં ઓફિસ વેચવાની છે/ ભાડે આપવાની છે. (૧૦૦૦ સ્કેફુટ- સુપર બિલ્ટઅપ) સંપર્ક : ક્વન દેસાઈ મો. ૭૮૭૪૯૬૦૬૧૩

**વેચવાની છે/ ભાડે** આપવાની છે. સુરતના પ્રાઈમ લોકેશન ઘોડદોડ રોડ, શિવ શક્તિ સ્વીટસની સામે, ત્રિભુવન કોમ્પલેક્ષમાં હોટેલ, હોસ્પીટલ, બેંક, શોરૂમ, ઓફિસ, દુકાન વિગેરે લાયક જગ્યા વેચવાની છે/ ભાડે આપવાની છે. ૫૦૦૦ સ્કે.ફૂટ/ પોડિયમ બ્લોક. સંપર્કઃ હરીશભાઈ/ ક્વન મોબા. ૯૭૨૪૮૧૧૫૫૫, ૭૮૭૪૯૬૦૬૧૩

**જમીન વેચવાની છે**
44,000 સ્કે.ફીટ, NA પ્લાન પાસ
સ્ટેશનથી 500 મીટર જ દુર,
ટાઈટલ કલીયર,
કમ્પ્લીટ કમ્પાઉન્ડ વોલ સાથે
દલાલ આવકાર્ય
ગામ : દેસરા, બીલીમોરા
98251 34718

**નોકરી વિષયક**

**તાત્કાલિક ભરતી,** વેરહાઉસ ઓપરેશન્સ એક્ઝિક્યુટિવ, 12 પાસ, ગ્રેજ્યુએટ 1 થી 5 વર્ષના અનુભવી, Slowwalker Products Pvt Ltd. પિપોદરા. સુરત, સંપર્ક 9274523828

**પટાવાળા જોઈએ છે** આી.એ. ઓફિસ માટે એસ એસ સી પાસ-નાપાસ પટાવાળા મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, બેઝમેન્ટ જલદર્શન ટાવર, બહુમાળીની બાજુમાં નાનપુરા- સુરત (745)

**જોઇએ,** ઓફિસ/ ડિલિવરી બોય A-One Computers Nanpura, 8690586868

**ફ્લેટ વેચવાના છે**
» જહાંગીરપુરામાં રોઝ ગાર્ડન પાસે
» ૧૬૫૪ સ્કે ફીટ
» ૩ બેડરૂમ /હોલ/ કીચન
» ૧૩૧૦ સ્કે ફીટ
» ૨ બેડરૂમ /હોલ/ કીચન
મો.નં. 8141577577 9879890021

**Require** Fulltime Accountant Having knowledge of computer and Tally Accounting. Preferably CA Inter. For Surat Ring Road office. Contact 8866316647

**Required** Sales Executive (Diploma Electrical) for Sales of Multinational Products (On Commission Basis) Contact: 9076072066 Email: dalaalsales@gmail.com

**એકાઉન્ટન્ટ જોઈએ** એક પ્રતિષ્ઠિત સંસ્થા માટે, પગારઃ 10,000થી 18,000 મહિને, ઓછામાં ઓછા 8 કલાક/ દિવસ. નયનભાઈ લાડ. 9265493386

**''રામજી ફાર્મ & બેન્ક્વેટ હોલ''**
મેરેજ, બર્થડે પાર્ટી, રિસેપ્શન, ડીજે, માટે સંપર્ક કરો. ઉગત કેનાલ રોડ, જહાંગીરાબાદ, રાંદેર રોડ, સુરત. વધુ જાણકારી માટે ડાયરેક્ટ ફોન કરો.
9913448822

**નોકરી** મેળવવાની અમૂલ્ય તક 18 થી 35 વર્ષના ધો. 10 કે તેથી વધુ ભણેલા ભાઈઓ- બહેનોને ફીમાં જનરલ ડ્યુટી આસીસ્ટન્ટ (નર્સિંગ) ની તાલીમ લઈને હોસ્પિટલમાં જોબ મેળવવાની તક. તાલિમમાં જોડવા આજે જ સંપર્ક કરોઃ 9154169185, 9313296201

**જોઇએ છે** અનુભવી ફીમેલ ડેન્ટલ સ્ટાફ કમ આસિસ્ટન્ટ કોન્ટેકટ ડો. સોનલ પરમાર Mobile- 9986437158 G-6, Eco Fututrz, New City Light Road, Surat.

**મિલ્કત વેચવાની છે**

**3-BHK ફ્લેટ** વેચવાનો, 2005-ફૂટ, સિટીલાઈટ, 9924574256

**કાંટાતાર કંપાઉન્ડ**
કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર એંગલ મારી તાર મારી આપવામાં આવશે.
સંપર્કઃ 9924337821

**મિલકત વેચવાની છે** 2 BHK ફ્લેટ બીલ્ટપ એરિયા ૭૨.૫ ચો. મીટર. રામેશ્વરમ હીલ્સ B ટાવર બમરોલી રોડ સુરત. સંપર્કઃ- 9558135057, 9574726114

**2 BHK ફ્લેટ** વેચવાનો છે. 65 લાખ. રાજહંસ કેમ્પસ પાલમાં. WhatsApp 9978936979 (746)

**વેચવાનું છે** ઓલપાડ રાધે રેસિડેન્સીમાં નવું મકાન વહેલા તે પહેલા લોન અમે કરાવી આપીશું ટોકન સામે કબ્જો 8160173717 (747)

**પ્લોટ વેચવાનો છે.** અડાજણ/ પાલ. 9909601200

**2/ 3/ 4 BHK** ફ્લેટ વેચવાનો. નવી બિલ્ડિંગ. અડાજણ/ પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે.** નવું બાંધકામ. અડાજણ/ પાલ. 9909601200

**પેન્ટ હાઉસ વેચાણથી** આપવાનું. બંગલા ટાઈપ, (૧) એસી પંખા બાથરૂમમાં ગીઝર TV દરેક રૂમમાં, (૨) કિચન સ્ટોરરૂમ. (૩) હોલ, મોટી બાલ્કની (૪) નીચે બે રૂમ, ઉપર ત્રણ રૂમ, હોલ, કિચન, સ્ટોરરૂમ, (૫) મોટી બાલ્કની ઝૂલા સાથે, ટોટલ 3000 સ્કેવર ફીટ. (દલાલોએ નોંધ લેવી.) મધુરમ એપાર્ટમેન્ટ, બી, બ્લોક, ૯૦૬, ૯૦૭, મેઈનરોડ, ભટાર ચારરસ્તા, સૂરત 9825100911.

**ડિસપ્યુટ વાળી જમીન** / પ્લોટ વેચાણથી જોઈએ છે. સુરત અથવા 50 કિ.મી સુધીમાં 9978936367

**લગ્ન વિષયક**

**સુરત રહેતી** 30 વર્ષની Educated કાછીયા પટેલ યુવતી માટે વેલ સેટલ્ડ યુવક આવકાર્ય 9512318416

**બ્રાહ્મણ** ગર્વમેન્ટ વિધવાઓ 1995, 1986, 1978, 1970, 1958 લગ્નગ્રંથિ/ મૈત્રિકરારથી જીવન સાથી જોઈએ છે. 9638171600

**જૈન વિધૂરો** 1990, 1982, 1973, 1965, 1952, વાર્ષિક પચ્ચિસ લાખ, એજ્યુકેટેડ વ્યક્તિઓને જીવન સાથી લગ્નગ્રંથિ/ મૈત્રીકરારથી જોઈએ છે. 9998126219

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં** 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*